છઠ્ઠા પગાર પંચ અન્વયે મળવાપાત્ર
પગાર-ભથ્થાના તફાવતની વર્ષ ૨૦૧૦-૧૧માં
ચુકવવાપાત્ર બીજા હપ્તાની (૨૦ %)ની રકમ
રોકડમાં ચુકવવા બાબત.

# ગુજરાત સરકાર

## નાણા વિભાગ

ઠરાવ ક્રમાંક:પગર/૧૦૦૯/૩૯/પગાર એકમ (મ)
સચિવાલય, ગાંધીનગર
તા. ૩૦મી એપ્રિલ, ૨૦૧૦

**વંચાણે લીધા :-**

(૧) નાણા વિભાગનો તા.૧૨/૨/૨૦૦૯નો ઠરાવ ક્રમાંક:પગર/૧૦૦૯/૧/પગાર એકમ (મ)
(૨) નાણા વિભાગનો તા.૨૭/૨/૨૦૦૯નો ઠરાવ ક્રમાંક:પગર/૧૦૦૯/૧૫/પગાર એકમ (મ)
(૩) નાણા વિભાગનો તા.૨૦/૩/૨૦૦૯નો ઠરાવ ક્રમાંક:પગર/૧૦૦૯/૩/પગાર એકમ (મ)
(૪) નાણા વિભાગનો તા.૧૭/૬/૨૦૦૯નો પરિપત્ર ક્રમાંક:પગર/૧૦૦૯/૨૧/પગાર એકમ (મ)
(૫) નાણા વિભાગનો તા.૧૮/૧/૨૦૧૦નો પરિપત્ર ક્રમાંક:પગર/૧૦૦૯/૨૫/પગાર એકમ (મ)
(૬) નાણા વિભાગનો તા.૧૧/૩/૨૦૧૦નો પરિપત્ર ક્રમાંક:પગર/૧૦૦૯/૩૭/પગાર એકમ (મ)

## આ મુ ખ

રાજય સરકાર દ્વારા કેન્દ્રીય છઠ્ઠા પગાર પંચની ભલામણોનો મહદ્ અંશે સ્વીકાર કરીને રાજયના કર્મચારીઓને ગુજરાત રાજય સેવા (પ.સુ.) નિયમો-૨૦૦૯ હેઠળ તા.૧/૧/૨૦૦૬થી પગાર સુધારણાનો લાભ આપવામાં આવેલ છે. નાણા વિભાગના તા.૨૦/૩/૨૦૦૯ના ઠરાવથી કર્મચારીઓને તા.૧/૧/૨૦૦૬થી તા.૩૧/૩/૨૦૦૯ સુધીના સમયગાળાની મળવાપાત્ર પગાર-ભથ્થાના તફાવતની રકમ પગાર બાંધણીની ઓનલાઇન ચકાસણી બાદ, દર વર્ષે ૨૦ % પ્રમાણે પાંચ સરખા વાર્ષિક હપ્તામાં કર્મચારીના સામાન્ય ભવિષ્ય નિધિ ખાતામાં જમા કરાવવાનો નિર્ણય લેવામાં આવેલ હતો. નાણા વિભાગના તા.૧૮/૧/૨૦૧૦ના પરિપત્રથી નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦માં કર્મચારીઓના સામાન્ય ભવિષ્ય નિધિ ખાતામાં જમા કરાવવા પાત્ર પ્રથમ હપ્તો, પગાર બાંધણીની ચકાસણી થયેથી ચુકવાયેલ રકમમાં વધઘટ થાય તો તે રકમ બીજા હપ્તાની ચુકવણી વખતે સરભર કરવાની શરતે પગાર બાંધણીની ચકાસણી વગર કર્મચારીના સામાન્ય ભવિષ્ય નિધિ ખાતામાં જમા કરાવવાની મંજુરી આપવામાં આવેલ હતી.

નાણા વિભાગના તા.૧૧/૩/૨૦૧૦ના પરિપત્રથી બોર્ડ/નિગમ/ ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થાઓ/ યુનિવર્સિટીના કર્મચારી/અધિકારીઓ જેઓ સી.પી.એફ. ખાતા ધરાવે છે તેમને વર્ષ ૨૦૦૯-૧૦માં ચુકવવાપાત્ર પ્રથમ હપ્તા (૨૦ %) ની રકમ પગાર બાંધણીની ચકાસણી થયેથી ચુકવાયેલ રકમમાં વધઘટ થાય તો તે રકમ બીજા હપ્તાની ચુકવણી વખતે સરભર કરવાની શરતે પગાર બાંધણીની ચકાસણી વગર રોકડમાં ચુકવવાની મંજુરી આપવામાં આવેલ હતી.

"સ્વર્ણિમ ગુજરાત વર્ષ" ઉજવણીના ભાગરૂપે છઠ્ઠા પગાર પંચ અન્વયે કર્મચારી/અધિકારીઓને મળવાપાત્ર પગાર-ભથ્થાના તફાવતની વર્ષ ૨૦૧૦-૧૧માં ચુકવવાપાત્ર રકમ કર્મચારી/અધિકારીઓના સામાન્ય ભવિષ્ય નિધિ ખાતામાં જમા નહીં કરતાં મે-૨૦૧૦માં રોકડમાં ચુકવવા અંગેની બાબત સરકારની વિચારણામાં હતી. પુખ્ત વિચારણાને અંતે સરકારશ્રીએ નીચે મુજબ નિર્ણય કરેલ છે.

## ઠ રા વ

"સ્વર્ણિમ ગુજરાત વર્ષ" ઉજવણીના ભાગરૂપે વર્ષ ૨૦૧૦-૧૧ માં કર્મચારી/અધિકારીઓને પગાર સુધારણાને કારણે મળવાપાત્ર પગાર-ભથ્થાના તફાવતની બીજા હપ્તાની રકમ કર્મચારીઓના સામાન્ય ભવિષ્ય નિધિ ખાતામાં જમા નહીં કરતાં મે-૨૦૧૦માં રોકડમાં ચુકવવાનું ઠરાવવામાં આવે છે.

પેન્શનરોને ચુકવવાપાત્ર થતી પેન્શન/પગાર ભથ્થાના તફાવતની રકમનો બીજો હપ્તો મે-૨૦૧૦માં તેઓના પેન્શન ખાતામાં જમા કરવાનું ઠરાવવામાં આવે છે.

જેમને છઠ્ઠા પગાર પંચની ભલામણો અનુસાર પગાર સુધારણાની સરકારે મંજુરી આપેલ હોય તેવા રાજ્યના બોર્ડ/ નિગમ/ ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થાઓ/ યુનિવર્સિટીઓના કર્મચારી/અધિકારીઓને વર્ષ ૨૦૧૦-૧૧માં ચુકવવાપાત્ર બીજા હપ્તાની રકમ મે-૨૦૧૦માં રોકડમાં ચુકવવાનું ઠરાવવામાં આવે છે.

પગાર બાંધણીની ચકાસણી બાદ ચુકવાયેલ રકમમાં વધઘટ જણાય તો તે રકમ કર્મચારી/અધિકારીને ચુકવવાપાત્ર પગાર-ભથ્થા કે હવે પછી ચુકવવાપાત્ર થતાં તફાવતની રકમના હપ્તાઓની ચુકવણીમાં સરભર કરવાની શરતે આ ચુકવણી કરવાનું ઠરાવવામાં આવે છે.

આ નિર્ણય સંદર્ભે સર્વે વિભાગ/ખાતા/કચેરીઓના ઉપાડ અને વહેંચણી અધિકારીઓએ જરૂરી કાર્યવાહી સત્વરે હાથ ધરવાની રહેશે.

નાણા વિભાગના તા.૨૦/૩/૨૦૦૯ના ઠરાવની અન્ય શરતો/જોગવાઇઓ યથાવત રહે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પી.બી.દરજી )
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ,
*માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માનનીય મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ
માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી
*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
*સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
*રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર
*સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
સચિવાલયના સર્વે વિભાગો
એકાઉન્ટન્ટ જનરલશ્રી (૧) ઓડીટ, અમદાવાદ
સીનીયર એકાઉન્ટન્ટ જનરલશ્રી (૨) (એ. એન્ડ ઇ.) રાજકોટ/રાજકોટ
સીનીયર એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડીટ), રાજકોટ
સર્વે ખાતાના વડાઓ/કલેકટરશ્રીઓ/જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
સર્વે કચેરીઓના વડાઓ
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
પગાર અને હિસાબી અધિકારીશ્રી, નર્મદા યોજના, ગાંધીનગર/વડોદરા
નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ/સર્વે સહાયક નિરીક્ષકશ્રીઓ
નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
સર્વે માન્ય કર્મચારી મંડળો/ગુજરાત પેન્શનર સમાજ/પેન્શનર મંડળો
નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/સર્વે શાખાઓ
નાણા વિભાગ-મ, ચ, પેન્શન અને ઝ શાખા.
સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ
પસંદગી ફાઇલ

*** પત્ર દ્વારા**